# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૨૭/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૩ - ૦૭ - ૨૦૧૭

પ્રતિ,
ગોયલ ઇન્ફ્રાકોન પ્રા.લી.
તેના ડાયરેકટર શ્રી રાધેશ્યામ ગોયલ
મો.જે. કોયલી,
વડોદરા

વિષય :- મોજે કોયલી, તા.જી.વડોદરાના રે.સ.નં.૪૦૫, વાળી જમીનમાં એક વાણિજય બિલ્ડીંગમાં કુલ-૯૬ દુકાનો તથા 03 સ્ક્રીનના મલ્ટીપ્લેક્ષના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.30-06-૨૦૧૭ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે શરતી વિકાસ પરવાનગી તથા મંજુર કરવામાં આવેલ નકશા આ સાથ સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

ગોયલ ઇન્ફ્રાકોન પ્રા.લી. તેના ડાયરેકટર શ્રી રાધેશ્યામ ગોયલ ગામ કોયલી, તા.જી.વડોદરાના રે.સ.નં.૪૦૫ વાળી જમીનમાં ક્ષેત્રફળ ૪૬૫૪.૦૦ ચો.મી. માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર ૮૬૪.૧૧ ચો.મી., ફર્સ્ટ ફ્લોર ૧૦૪૫.૭૫ ચો.મી. સેકન્ડ ફ્લોર ૧૦૪૫.૭૫ ચો.મી. થર્ડ ફ્લોર ૧૦૪૫.૭૫ ચો.મી. ફોર્થ ફ્લોર ૭૪૯.૧૦ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૪૭૫૦.૪૬ ચો.મી.માં એક વાણિજય બિલ્ડીંગમાં કુલ-૯૬ દુકાનો તથા ૦૩ સ્ક્રીનના મલ્ટીપ્લેક્ષના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

૧. સ્થળે બાંધકામ શરૂ કરતા અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોઇગ તથા સ્ટ્રકચરલ એક્ષપર્ટ રીપોર્ટ રજુ કરવાના રહેશે

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૭૦ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

૩. કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૦૪ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

૫. જી.ડી.સી.આર - ૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૬. ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૭. સિનેમા રૂલ્સ અંતર્ગત મેળવવાની થતી પરવાનગીઓ સક્ષમ કક્ષાએથી લઇ લેવાની રહેશે.

૮. ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા નું "ના-વાંધા પ્રમાણપત્ર" ન.અ.તા.સે.જા.નં.૩૦૧૧/૧૬-૧૭, તા.૨૪/૧૧/૨૦૧૬ ની સુચનોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૨૭/૨૦૧૭
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા - ૧૮.
તા. /૦૭/૨૦૧૭

નકલ રવાના પ્રતિ :-